ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩



### કાલોલ તાલુકાના ભાદરોલી બુઝર્ગ ગામે હત્યાકાંડ : લાશના ટુકડા કરી ચેકડેમ પાસે દાટી દીધી

# પ્રેમસંબંધમાં અંધ પિતરાઈએ ભાઈની કરી હત્યા



ધર્મેન્દ્રસિંહ, આરોપી

(પ્રતિનિધિ) કાલોલ તા.5

કાલોલ તાલુકાના ભાદરોલી બુઝર્ગ ગામમાં એક હૃદયદ્રાવક અને ચોંકાવનારી હત્યાનો ભેદ ખુલતાં સમગ્ર પંથકમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસ તપાસમાં સામે આવેલા પ્રાથમિક તથ્યો મુજબ, ભાભી સાથેના કથિત પ્રેમસંબંધમાં પોતાના જ પિતરાઈ ભાઈએ 35 વર્ષીય યુવકની હત્યા કરી હતી. હત્યા બાદ પુરાવા નષ્ટ કરવા માટે મૃતદેહના હાથ-પગ કાપી ચેકડેમ નજીક દાટી દેવામાં આવ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર, મૃતક રાજેશભાઈ નરવતસિંહ સોલંકીના લગ્ન શિલ્પાબેન સાથે થયા હતા. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે શિલ્પાબેન અને તેમના પિતરાઈ દિયર ધર્મેન્દ્રસિંહ અર્જુનસિંહ સોલંકી વચ્ચે કથિત પ્રેમસંબંધ હતો. આ મુદ્દે પતિ-પત્ની વચ્ચે વારંવાર વિવાદ થતો હોવાનું પોલીસનું કહેવું છે.પોલીસના જણાવ્યા મુજબ, ચાર જૂનની રાત્રે ધર્મેન્દ્રસિંહ રાજેશભાઈને ગામના તળાવ પાસે લઈ ગયો હતો.

જ્યાં તેમના માથા પર હુમલો કરી મોતને ઘાટ ઉતાર્યા હતા. બાદમાં મૃતદેહનો નિકાલ કરવા માટે તેના ટુકડા કરી ચેકડેમ નજીક ખાડો ખોદી દાટી દેવામાં આવ્યો હતો. રાજેશભાઈ અચાનક ગુમ થઈ જતાં પરિવારજનોએ પોલીસમાં જાણ કરી હતી.

તપાસ દરમિયાન ધર્મેન્દ્રસિંહ અને શિલ્પાબેન પણ શંકાના દાયરામાં આવતા પોલીસે પૂછપરછ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ, પૂછપરછ દરમિયાન ધર્મેન્દ્રસિંહે ગુનાની કબૂલાત કરી હતી અને તેની નિશાનદેહી પરથી મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં માથાના ભાગે થયેલી ગંભીર ઈજાઓ મૃત્યુનું કારણ હોવાનું સામે આવ્યું છે.

કાલોલ પોલીસે ધર્મેન્દ્રસિંહ અર્જુનસિંહ સોલંકી અને શિલ્પાબેન રાજેશભાઈ સોલંકી વિરુદ્ધ હત્યા, પુરાવાનો નાશ અને અન્ય સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી બંને આરોપીઓની અટકાયત કરી છે. સમગ્ર મામલે વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર પી.કે. ક્રિશ્ચન દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

### સોશિયલ મીડિયામાં પોસ્ટ વાયરલ

# સણસોલી ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યા

(પ્રતિનિધિ) કાલોલ તા.5

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના સણસોલી ગામમાં પીવાના પાણીની ગંભીર સમસ્યાને લઈને એક પોસ્ટ સોશિયલ મીડિયામાં વાયરલ થઈ છે. વાયરલ થયેલી પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ગામમાં છેલ્લા ઘણા સમયથી લોકોને પીવાનું પૂરતું પાણી મળતું નથી અને ગ્રામજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પોસ્ટમાં જણાવ્યા મુજબ, ગામના રહેવાસીઓને રોજિંદી જરૂરિયાત માટે પણ પાણી મેળવવામાં મુશ્કેલી પડી રહી છે. ખાસ કરીને ઉનાળાની ઋતુ દરમિયાન પાણીની અછત વધુ ગંભીર બનતાં મહિલાઓ અને બાળકોને દૂર સુધી પાણી માટે જવું પડે તેવી સ્થિતિ સર્જાઈ હોવાનું જણાવાયું છે. વાયરલ પોસ્ટમાં સંબંધિત અધિકારીઓ તેમજ સરપંચશ્રીને ગામની પાણીની સમસ્યાનો તાત્કાલિક ઉકેલ લાવવા અપીલ કરવામાં આવી છે. ગ્રામજનોનું કહેવું છે કે પીવાનું પાણી જેવી મૂળભૂત સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે તંત્ર દ્વારા જરૂરી પગલાં ભરવામાં આવે.

# ઝાલોદમાં ચોમાસાની શરૂઆતે ખાતરની તંગી : વાવણી નિષ્ફળ જવાનો સેવાતો ભય

(પ્રતિનિધિ) દાહોદ તા.5

ઝાલોદ તાલુકામાં હાલ ચાલુ સીઝન દરમિયાન અંદાજે ૮૦ હજાર ખાતરની થેલીઓની તાતી જરૂરિયાત વર્તાઈ રહી છે, જેની સામે ઉચ્ચ કક્ષાએથી અઠવાડિયામાં માંડ એક કે બે જ ગાડીઓ મોકલવામાં આવી રહી છે. આ અપૂરતા જથ્થાને કારણે સ્થાનિક ડેપો મેનેજરો પણ ખેડૂતોને સંતોષકારક જવાબ આપી શકતા નથી અને તેમને સતત ખેડૂતોના રોષનો ભોગ બનવું પડી રહ્યું છે. આ અંગે સ્થાનિક ખેડૂત રમણભાઈએ પોતાનો આક્રોશ ઠાલવતા જણાવ્યું હતું કે, નેતાઓ અને અધિકારીઓને વારંવાર રજૂઆતો કરવા છતાં દર વર્ષે અમારે ખાતર માટે આમ તેમ વલખાં મારવા પડે છે અને જો સમયસ ખાતર નહીં મળે તો પાક નિષ્ફળ જશે તેમજ વાવણીનો તમામ ખર્ચ માથે પડશે. બીજી તરફ, ઝાલોદ માર્કેટ યાર્ડ ખાતર ડેપોના શોપ મેનેજર દિલીપભાઈ વસૈયાએ આ લાચારી



સ્વીકારતા જણાવ્યું હતું કે, અમારા ખાતર ના ડેપો ઉપર જ ૨૦થી ૨૫હજાર ખાતરની જરૂરિયાત છે, પરંતુ તેની સામે ઉપરથી માંડ ૭૦૦ થેલીની ગાડીઓ આવતી-હોય છે, ખેડૂતોને ખાતર પૂરું પાડવામાં અમે પહોંચી વળતા નથી. જો ઉપરથી સમયસર જથ્થો આવે તો જ ખેડૂતોને પૂરતો પુરવઠો આપી શકાય તેમ છે. આમ, દર વર્ષે ચોમાસાની શરૂઆતમાં જ સર્જાતી ખાતરની આ કૃત્રિમ અછતને કાયમી ધોરણે દૂર કરવા અને પંથકની ખેતીને બચાવવા માટે સરકાર તાકીદે યોગ્ય અને નક્કર પગલાં ભરે તેવી જગત ના તાતની ઉગ્ર માંગ ઉઠી છે.

# કાલોલમાં ટેન્કરે એક્ટીવા સવાર યુવકને અડફેટે લેતા ગંભીર ઈજા

કાલોલ : કાલોલ ખાતે ગઘેડી ફળીયાના નાકા પાસે હાઈવે રોડ પર એક ગંભીર અકસ્માત સર્જાયો હોવાની ઘટના સામે આવી છે. પુરઝડપે અને ગફલતભરી રીતે આવી રહેલા એક ટેન્કરના ચાલકે એક્ટીવા ગાડીને સાઈડમાંથી જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં એક્ટીવા સવાર ૨૯ વર્ષીય યુવક રોડ પર ઘસડાતાં તેને શરીરે અને પગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. મળતી માહિતી મુજબ, ગોધરા તાલુકાના વાવડી બુજર્ગ ગામે રહેતો કલ્પેશભાઈ અરવતભાઈ પરમાર (ઉ.વ. ૨૯) ગત તારીખ ૦૮/૦૬/૨૦૨૬ ના રોજ સાંજના આશરે સાતેક વાગ્યે પોતાના મામાના છોકરાની એક્ટીવા બર્ગમેન (નંબર GJ-17-CQ-7375) લઈને સાસરી રામેશરા ગામે જવા નીકળ્યો હતો. આ દરમિયાન રાત્રિના આશરે આઠેક વાગ્યાના સુમારે કાલોલ બસ સ્ટેન્ડ પાસ કરી ચોકડી નજીક ગઘેડી ફળીયા પાસે પહોંચતા જ સામેથી આવતા ટેન્કર (નંબર MH-04-NB-1419) ના ચાલકે પોતાના કબજાનું વાહન બેફામ ગતિએ હંકારી લાવી એક્ટીવાને અડફેટે લીધી હતી.

### વેજલપુરમાં વિકાસના નામે વહીવટીતંત્રનું અંધેર

# એક જ સ્થળે અગાઉનો બોર હોવા છતાં બીજો બોર કેમ બનાવ્યો?

(પ્રતિનિધિ) કાલોલ તા.5

કાલોલ તાલુકાના વેજલપુર ગ્રામ પંચાયત વિસ્તારમાં વિકાસના કામોમાં મોટો લોલમલોલ ચાલતો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. વેજલપુર ગ્રામ પંચાયતના સત્તાધીશો જાણે સરકારી નાણાંનો સદુપયોગ કરવાને બદલે ભાન ભૂલીને મનસ્વી નિર્ણયો લઈ રહ્યા હોય તેવો ઘાટ સર્જાયો છે. ગામમાં એક તરફ પાણીની અછત કે અન્ય સમસ્યાઓ હોય ત્યારે ચોક્કસ આયોજનની જરૂર હોય છે, તેના બદલે એક જ સ્થળ પર અગાઉથી બોર હયાત હોવા છતાં, તે જ જગ્યા ઉપર બીજો નવો બોર કેમ મુકવામાં આવ્યો? તેવા ગંભીર સવાલો સ્થાનિકોમાં ઉઠી રહ્યા છે.આ સમગ્ર મામલા પાછળનું અસલી ગણિત હવે લોકમુખે ચર્ચાઈ રહ્યું છે. આગામી ટૂંક જ સમયમાં વેજલપુર ગ્રામ પંચાયતની ચૂંટણીઓ આવી રહી છે. હાલના સરપંચ અને સત્તાધીશોની ટર્મના હવે માત્ર થોડા મહિના જ બાકી બચ્યા છે, ત્યારે સત્તા પરથી ઉતરે તે પહેલાં સરકારી ગ્રાન્ટોનો ગમે તેમ ઉપયોગ કરી, ક્યાંક ને ક્યાંક મોટો ભ્રષ્ટાચાર કરી લેવાની પેરવીમાં સત્તાધીશો હોય તેવું હાલના તબક્કે સ્પષ્ટપણે દેખાઈ રહ્યું છે. ટર્મ પૂરી થવા આવી હોવાથી ઉતાવળે આવા કામો મંજૂર કરાવીને સરકારી તિજોરીને ખંખેરવાનો કારસો રચાયો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

### વિકાસના નામે સત્તાનો દુરુપયોગ કરી ગંભીર નાણાંકીય ગેરરીતિ આચરવામાં આવી હોવાનો ઘટસ્ફોટ

# પઢીયાર ગ્રા.પં.ના સરપંચ હરેન્દ્ર રાઉલજીને હોદ્દા પરથી દૂર કરવા TDOની દરખાસ્ત

**તલાટી દ્વારા** તૈયાર કરાયેલી બીજી નોટિસ પર સરપંચે સહી કરવાનો ઇનકાર કર્યો

(પ્રતિનિધિ) ગોધરા તા.5

પંચમહાલ જિલ્લાના પઢીયાર ગામમાં ૧૫માં નાણાપંચ યોજના હેઠળ થયેલા વિકાસ કાર્યોના મટીરીયલ માટે ઈ-ગ્રામ સ્વરાજ પોર્ટલ મારફતે જય માતાજી સપ્લાયર્સ નામની એજન્સીને ઓનલાઈન પેમેન્ટ કરવામાં આવ્યું હતું. તપાસમાં ખૂલ્યું હતું કે આ જય માતાજી સપ્લાયર્સના પ્રોપરાઈટર ખુદ સરપંચ હરેન્દ્રસિંહ રાઉલજી જ છે. સરપંચ હરેન્દ્ર રાઉલજીની આ કાર્યવાહી ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૩૦(જ) નો સીધો ભંગ છે. આ ઉપરાંત, વિકાસના કામોમાં મજૂરીના નામે નાણાં સરપંચે પોતાના અંગત ખાતામાં ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હોવાનું તપાસમાં બહાર આવ્યું છે ગામમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા બનાવાયેલા ૧૬ ફૂટના સી.સી. રોડની બંને બાજુ થયેલા દબાણો દૂર કરવા માટે તલાટી દ્વારા તૈયાર કરાયેલી બીજી નોટિસ પર સરપંચે સહી કરવાનો ઈનકાર કર્યો હતો. અગાઉ નોટિસ આપવા છતાં ખુદ સરપંચે પોતે કરેલું દબાણ દૂર કર્યું ન હતું અને ઉચ્ચ કક્ષાએથી નોટિસ આપી ખુલાસો માંગવામાં આવવા છતાં પોતાના બચાવમાં કોઈ જવાબ રજૂ કર્યો ન હતો. જાગૃત નાગરિકો દ્વારા જિલ્લા સ્વાગત કાર્યક્રમમાં રજૂઆત કર્યા બાદ વિસ્તરણ અધિકારી દ્વારા આ મામલે તપાસ કરવામાં આવી હતી.

જેમાં આક્ષેપો સાચા ઠર્યા હતા. પોતાની ફરજ વિરુદ્ધમાં ઈરાદાપૂર્વક કામ કરી વારંવાર બેદરકારી દાખવવા બદલ આખરે તાલુકા પંચાયત કચેરી દ્વારા સરપંચને પદ પરથી હટાવવા દરખાસ્ત મોકલવામાં આવી છે.હવે જોવું રહયું કે જિલ્લા વિકાસ અધિકારી આ બાબતે શુ નિર્ણય લે છે.

## દાહોદ- ગરબાડા પોલીસ સ્ટેશનની હદમાં પકડાયેલ દારૂના જથ્થાનો નાશ કરાયો

(પ્રતિનિધિ) દાહોદતા.11

દાહોદ જુના ઈન્દોર રોડ પર આરટીઓ ચેકપોસ્ટ વાળી જમીનમાં દાહોદ તથા ગરબાડા ડિવિઝનના પોલીસ સ્ટેશનમાં પકડાયેલ રૂ. ૨,૦૫,૩૧,૮૫૪/- ની કિંમતના વિદેશી દારૂ બિયરના જથ્થાનો નાશ કરાયો ગઈકાલે દાહોદ શહેરના જુના ઈન્દોર રોડ પર, આરટીઓ ચેક પોસ્ટ વાળી જમીનમાં દાહોદ તથા ગરબાડા ડિવિઝનના કુલ છ જેટલા પોલીસ સ્ટેશનોમાં જુદા જુદા ગુનાઓ હેઠળ રૂપિયા ૨,૦૫,૩૧,૮૫૪/-ની કિંમતના વિદેશી દાર/બિયરના જથ્થાનો નાશ કરાયો હતો.

### એક મહિલા સહિત બે જણા ચક્કર આવતા અટાણે મોતને ભેટ્યા

# દાહોદ જિલ્લાવાસીઓ આકરી ગરમી અને અસહ્ય ઉકળાટથી ત્રાહિમામ

(પ્રતિનિધિ) દાહોદ તા.5

દાહોદ જિલ્લામાં આકરી ગરમી અને અસહ્ય ઉકળાટને કારણે જિલ્લા વાસીઓ ત્રાહિમામ પોકારી ગયા છે ત્યારે દેવગઢ બારીયા નગરમાં ગોધરાથી આવેલ એક મુસ્લિમ મહિલાને તેમજ ધાનપુરના વાસિયા ડુંગરી ગામે ગરબાડા તાલુકાના નાદવા ગામના એક આધેડને ચક્કર આવતા પડી જતા બંને જણા અટાણે મોતને ભેટ્યા હોવાનું જાણવા મળ્યું છે. દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના નાંદવા ગામે મંદિર ફળિયામાં રહેતા ૪૭ વર્ષીય રાજુભાઈ કેશવભાઈ ભુરા ગઈકાલે બપોરના અઢી વાગ્યાના સુમારે કોઈ કામ અર્થે ધાનપુર તાલુકાના વાસીયા ડુંગરી ગામે ગયા હતા તે વખતે તેઓને સખત ગરમી અને અસહ્ય ઉકળાટના કારણે ગભરામણ થવાથી અચાનક ચક્કર આવતા તેઓ નીચે પડી ગયા હતા. તે સમયે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને ૧૦૮ ઈમરજન્સીવાન બોલાવી તેમાં તેઓને સારવાર માટે ધાનપુર સરકારી હોસ્પિટલમાં લઈ જતા હતા એ દરમિયાન રસ્તામાં જ રાજુભાઈ ભૂરાનુ મોત નીપજ્યું હતું. દેવગઢ બારીયા નગરના સર્કલ બજાર પાસે બનેલા બનાવવામાં પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરના અબ્દાલવાડા, જૂની પોસ્ટ ઓફિસના ઢાળમાં રહેતી ૩૩ વર્ષીય યાસ્મીનબાનુ યુસુફશા કાલુશા અબ્દાલ દેવગઢ બારિયા ખાતે આવ્યા હતા ચક્કર આવતાં પડી જતાં સારવાર અર્થે લઈ જવાતાં સારવાર દરમિયાન મોત નીપજયું હતું.

### ૧૫ જૂને પ્રગતિ પથ યાત્રાનો શુભારંભ

# આયોજન અંગે કલેક્ટરના અધ્યક્ષસ્થાને ટોપી હોલ ખાતે સમીક્ષા બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) દાહોદ તા.5

દાહોદ, આગામી ૧૫મી જૂનના રોજ યોજાનારા "પ્રબુદ્ધ નાગરિક સંમેલન" અને "પ્રગતિ પથ યાત્રા'ના સુચારુ આયોજન અંગે શહેરના ટોપી હોલ ખાતે દાહોદ જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.આગામી ૧૫ જૂનના રોજ ટોપી હોલ ખાતે ભવ્ય પ્રબુદ્ધ સન્માન સંમેલનનું આયોજન કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત જિલ્લામાં વિવિધ ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર સન્માનિત અને પબુદ્ધ નાગરિકોનું વિશેષ બહુમાન કરવામાં આવશે. કાર્યક્રમના દ્વિતીય વરણમાં ટોપી હોલ ખાતેથી જિલ્લાના વિકાસ કાર્યોને વેગ આપતી 'પ્રગતિ પથ યાત્રા'નું પ્રસ્થાન



કરાવી તેનો પ્રારંભ કરવામાં આવશે.સમીક્ષા બેઠક દરમિયાન જિલ્લા કલેક્ટર સુશ્રી સુરભી ગૌતમે સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીઓને કાર્યક્રમની પૂર્વતૈયારીઓ કરવા અને સુદ્રઢ આયોજન માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડી મહત્વની સૂચનાઓ આપી હતી આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શ્રી જે.એમ. રાવલ, પ્રાંત અધિકારીશ્રી મિલિંદ દવે, જિલ્લા પુરવઠ અધિકારી શ્રી ગૌતમ લોડલીયા, નાયબ પોલીસ અધિક્ષક શ્રી જગદીશ ભંડારી સહિત જિલ્લાના અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સિંગવડ તાલુકા પંચાયતમાં પ્રાથમિક સુવિધાના નામે મિંડુ

સિંગવડ : ગુરુવારના રોજ સિંગવડ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ નિરાલીબેન અમિતકુમાર બારીયા, 19 સુડીયા તાલુકા પંચાયત સદસ્ય દ્વારા તાલુકા વિકાસ અધિકારી ભગોરાને લેખિત રજૂઆત સોંપવામાં આવી હતી. ઉપ્રમુખે જણાવ્યું કે તાલુકા પંચાયત કચેરી પરિસરમાં હાલ સ્વચ્છતા, વ્યવસ્થા તેમજ મુલાકાતીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી. નિયમિત સફાઈ ન થવાથી કચેરી પરિસર, શૌચાલય તથા ઓફિસમાં અસ્વચ્છતા જોવા મળે છે. ઉપરાંત, વોટર કુલર/RO સિસ્ટમની પાઈપો ફાટી ગઈ હોવાથી શુદ્ધ પાણીની વ્યવસ્થા ઠપ્પ છે, જેના કારણે અરજદારો-મુલાકાતીઓને ભારે અસુવિધા થાય છે. કચેરીની દરેક ઓફિસમાં ડસ્ટબીન ન મુકાયા હોવાથી કર્મચારીઓ કચરો બહાર ફેંકી દે છે.

### એક મહિલા સહિત બે જણા ચક્કર આવતા અટાણે મોતને ભેટ્યા

# દાહોદ સ્માર્ટ સિટીમાં કપાયેલા ૭૦૦ વૃક્ષોનો પુનઃઉછેર માત્ર કાગળ પર

(પ્રતિનિધિ) દાહોદ તા.5

સ્માર્ટ સિટી દાહોદમાં વરસો પહેલા પર્યાવરણ ની ધામધુમથી ઉજવણી કરી હતી જેના ભાગરૂપે સ્માર્ટ શિલ્પીઓ સહિતના એ ઠેર ઠેર વૃક્ષારોપણ કર્યા બીજી તરફ સ્માર્ટ નિર્માણ વખતે કાપી નાખેલા ૭૦૦ વૃક્ષોના પુનઃ ઉછેર કરવાનુ આયોજન કાગળ પર જ રહી ગયુ હોય તેમ લાગી રહ્યુ છે. સમગ્ર ભારતમાં ૧૦૦ સ્માર્ટ સિટી પસંદ કરવામાં આવી હતી. પરંતુ કમનસીબે રૂ. ૧ હજાર કરોડ વાપરવા છતાં માત્ર સિદ્ધરાજ જયસિંહ તળાવને બાદ કરતા દાહોદ સ્માર્ટ સિટી હોય તેમ અનુભવાતુ નથી. હવે ધીરે ધીરે આ વાત રાજય કક્ષાએ પહોંચી હોવાનુ જાણવા મળ્યુ છે. કારણ કે, સ્થાનિક સ્વરાયજયની ચુંટણીઓ વખતે સિનીયરો દ્વારા આ પ્રશ્નો કરાતા સ્થાનિક નેતાઓ ભોંય ખોતરતા રહી ગયા હતા. આ સ્માર્ટ સિટીના નિર્માણ માટે જે તે સમયે શહેર માંથી નાના-મોટા અને અતિ પ્રાચિન એવા ૭૦૦ જેટલા વૃક્ષોનુ નિકંદન કાઢી નાંખવામાં આવ્યુ હતુ. આ વૃક્ષોના પુનઃ ઉછેર માટે સ્થાનિક પર્યાવરણ પ્રેમી સ્વૈચ્છિક સંસ્થા સાથે વાટાઘાટો કરીને તેનુ આયોજન કરવામાં આવશે તેવુ જાણવા મળ્યુ હતુ. તત્કાલિન કલેકટરે પણ આ સ્વૈચ્છિક સંસ્થા સાથે વાટાઘાટો કરી હતી. પરંતુ સંઘ કાશીએ પહોંચ્યો નથી. બીજી તરફ સ્માર્ટ સિટી કંપનીના ચેરમેન અને કલેકટર ગૌતમ, કંપનીના મેમ્બર સાંસદ જશવંતસિંહ, કંપનીના સ્થાયી સદસ્ય સુધીરભાઈ, ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી સહિતના ઘણા નેતાઓએ શહેરમાં વિવિધ ઠેકાણે વૃક્ષારોપણ કર્યુ હતુ. જે માત્ર નામ પુરતા વૃક્ષા રોપણ નું નાટક કરી પેપરમાં અને વિડિયોગ્રાફી કરી પોતાની વાહવાહી કરી દાહોદના મહાન નેતા તરીકે ની વાહવાહી કરી પરંતુ તે વૃક્ષા રોપણ કરેલ એક પણ વૃક્ષ હાલ મા નજરે પડતું નથી જ્યારે બીજી તરફ આખાયે ઉનાળામાં એક પણ જગ્યાએ વૃક્ષારોપણ કરાયુ નથી. આમ વૃક્ષા રોપણ ની કામગીરી ફક્ત કાગળ ઉપર બતાવી દેવામાં આવી હોય તેવું લાગી રહ્યું છે જો આની તપાસ કરવામાં આવે તો તમામ પોલો બહાર આવી શકે તેમ છે

## APMC ગોધરા ખાતે સ્વચ્છતા અભિયાન યોજાયું

ગોધરા : ભારતીય જનતા પાર્ટી ગોધરા નગર દ્વારા સરકારના ' ૧૨ વર્ષ વિકાસ, વિશ્વાસ અને જનકલ્યાણ'ની ઉજવણીના ભાગરૂપે ગોધરાના મુખ્ય વ્યાપારી કેન્દ્ર એવા એ.પી.એમ.સી. ખાતે સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ ઝુંબેશનો પ્રાથમિક ઉદ્દેશ્ય નાગરિકોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરી તેને દૈનિક જીવનનો અભિન્ન હિસ્સો બનાવવાનો હતો. આ જનજાગૃતિલક્ષી અભિયાનને વેગ આપવા અને કાર્યકર્તાઓનો ઉત્સાહ વધારવા માટે રાજ્યસભાના સાંસદ ડૉ. જે. એસ. પરમાર, ગોધરા નગરપાલિકાના પ્રમુખ જશોદાબેન પ્રજાપતિ અને ભારતીય જનતા પાર્ટી ગોધરા નગરના પ્રમુખ નિર્મિતભાઈ દેસાઈ સહિત સંગઠનના વિવિધ હોદ્દેદારો તેમજ ચૂંટાયેલા નગરપાલિકા સભ્યોએ આ સેવાયજ્ઞમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# લીમડીના ખેડા પાસે અકસ્માત,બાઈક ચાલકનું મોત

(પ્રતિનિધિ) દાહોદ તા.5

પરમ દિવસ તારીખ ૯-૬-૨૦૨૬ના રોજ મોડી સાંજના સાડા સાત વાગ્યાના સુમારે ગોવિંદ ગુરુ તાલુકાના કાળીગામ ગુર્જર ગામના સાતસેરા ફળિયામાં રહેતા ૩૫ વર્ષીય અરવિંદભાઈ હરસિંગભાઈ ભાભોર પોતાની જીજે ૨૦ એ એમ-૭૮૧૨ નંબરની પલ્સર મોટરસાયકલ પર જઈ રહ્યા હતા તે દરમિયાન કારઠ ખેડા ગામે દાહોદ ઝાલોદ હાઈવે પર પાછળથી પુરપાટ દોડી આવતા અજાણ્યા ફોરવીલ વાહને પાછળથી અરવિંદભાઈ ભાભોરની પલ્સર ગાડીને જોશભેર ટક્કર મારી તથા જીજે ૨૦એએલ-૮૭૨૫ નંબરની એકટીવા ગાડીને પણ ટક્કર મારી નાસી જતા સર્જાયેલા ગમખ્વાર અસ્માતમાં કાળીગામ ગુર્જર ના મોટરસાયકલ ચાલક અરવિંદભાઈ હરસિંગભાઈ ભાભોરને માથાના ભાગે તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતા તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજયું હતું. જ્યારે એકટીવા ગાડી પર સવાર બે જણાને શરીરે ઓછી-વત્તી ઈજાઓ થવા પામી હતી. ઘટનાની જાણ થતા જ લીમડી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી. અને બંને ઈજાગ્રસ્તોને સારવાર માટે લીમડી સરકારી દવાખાને ૧૦૮ ઈમર્જન્સી વાન મારફતે મોકલી આપ્યા હતા. ત્યારબાદ સ્થળ પર જ મોતને ભેટેલા અરવિંદભાઈ હરસિંગભાઈ ભાભોરની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ લાશનું પંચનામું કરી લાશને પોસ્ટ મોર્ટમ માટે લીમડી સરકારી દવાખાને મોકલી આપી હતી.

## જાહેર નોટીસ

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં

કેસ નંબર 390/2024 તા.11-06-2026

**અરજદાર : પરમાર પ્રતાપસિંહ સોમાભાઈ રહે.ચીલાકોટા,તા.લીમખેડા, જિ.દાહોદ**

**વિરૂધ્ધ સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,ચીલાકોટા,તા.લીમખેડા, જિ.દાહોદ**

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે,**અરજદારશ્રી પરમાર પ્રતાપસિંહ સોમાભાઈ** રહે. ચીલાકોટા,તા.લીમખેડા, જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે,તેમની **પુત્રી નામે પરમાર પ્રગતિબેન પ્રતાપસિંહનો** જન્મ તા.21-01-2009 ના રોજ મુ.ચીલાકોટા,તા.લીમખેડા, જિ.દાહોદ ખાતે થયેલ છે,અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,લીમખેડાની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા.11/06/2026ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડા**

## જાહેર નોટીસ

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડાની કોર્ટમાં

કેસ નંબર 710/2025 તા.07-08-2025

**અરજદાર : બારીયા બાબુભાઈ માનસિંગભાઈ રહે.ચીલાકોટા,તા.લીમખેડા, જિ.દાહોદ**

**વિરૂધ્ધ સામાવાળા : તલાટી કમ મંત્રીશ્રી,ચીલાકોટા,તા.લીમખેડા, જિ.દાહોદ**

આથી લાગતા વળગતા ઇસમોને જણાવવાનું કે,**અરજદારશ્રી બારીયા બાબુભાઈ માનસિંગભાઈ** રહે. ચીલાકોટા,તા.લીમખેડા, જિ.દાહોદનાઓએ જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ હેઠળ અરજી કરેલ છે કે,તેમની **પુત્રી નામે બારીયા પૂજાબેન બાબુભાઈનો** જન્મ તા.22-08-2017 ના રોજ મુ.ચીલાકોટા,તા.લીમખેડા, જિ.દાહોદ ખાતે થયેલ છે,અને તેમના જન્મની નોંધણી જે-તે વખતે શરતચૂકથી કરાવવાની રહી ગયેલ હોઈ અત્રેની કોર્ટમાં અપીલ અરજી દાખલ કરેલ છે.સદર અરજીના અનુસંધાનમાં કોઈ ઇસમને વાંધો યા તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી 30 દિવસ સુધીમાં અત્રેની મામલતદાર અને એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી,લીમખેડાની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો.જો તેમ કરવામાં કસુર કરશો તો આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની તમામ લાગતા વળગતા ઇસમોએ નોંધ લેવી.

આજ તા.07/08/2025ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

**એક્ઝિક્યુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર લીમખેડા**